# કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી કોલેજ, આ.કૃ.યુ., ગોધરા ખાતે સાંકળી પ્રાથમિક શાળા, સાંકળી, તા. ગોધરા, જી. પંચમહાલના વિધ્યાર્થીઓની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરાની સાંકળી પ્રાથમિક શાળા, સાંકળી, તા. ગોધરા, જી. પંચમહાલના ધો. ૬ થી ૮ના કુલ ૬૦ વિધ્યાર્થીઓ તેમજ ૬ શિક્ષકોએ તા. ૨૦/૦૩/૨૦૨૪, બુધવારના રોજ મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત અત્રેની કોલજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને અત્રેની કોલેજના સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ, ઈરીગેશન અને ડ્રેનેજ એન્જીનિયરીંગ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનિયરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી એન્જીનિયરીંગ વિભાગ, ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનિયરીંગ વિભાગ અને બેસિક એન્જીનિયરીંગ એન્ડ એપ્લાયીડ સાયન્સીસ વિભાગની મુલાકાત લીધેલ હતી. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, ફિલ્ડ લેબોરેટરી, સોઈલ કન્ઝર્વેશન મોડલ/સ્ટ્રકચર, ડ્રીપ ઈરીગેશન, ફૂડ પ્રોસેસિંગને લગતી અદ્યતન મશીનરી/સાધનો, ગ્રીન હાઉસ/નેટ હાઉસ,  ઈમ્પ્લીમેન્ટ શેડ, વર્કશોપ વગેરે તેમજ વિભાગની વિવિધ કામગીરી અને સુવિધાઓથી માહિતગાર કરવામાં આવેલ હતા. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ જે તે વિભાગના અધિકારી/કર્મચારીઓએ વિદ્યાર્થીઓની કોલેજની મુલાકાત માટે સરાહનીય યોગદાન આપેલ. સદર મુલાકાતનું સંચાલન ઈજ. ખ્યાતિ વ્યાસ, સિનિયર રીસર્ચ આસિસ્ટન્ટ અને ડો. એમ.કે.તિવારી, મદદનીશ પ્રાદ્યાપક અને વિભાગીય વડા, સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.









